# કાળા નાણાંના મુદ્દે ૩ ખાતાધારકોના નામ જાહેર

## ડાબર ઈન્ડિયાના પૂર્વ ડિરેક્ટર પ્રદીપ બર્મન, રાજકોટ શ્રીજી ટ્રેડિંગ કંપનીના પ્રમોટર પંકજ ચીમનલાલનો સમાવેશ

નવી દિલ્હી,તા. ૨૭

કાળા નાણાંના મુદ્દે કોંગ્રેસ અને ભાજપ વચ્ચે જોરદાર શાબ્દિક યુદ્ધ વચ્ચે આજે એક મહત્વપૂર્ણ ધડાકો કેન્દ્ર સરકારે કરી દીધો હતો જેના ભાગરૂપે ઈન્કમટેક્સ ઓથોરીટીની ચકાસણી હેઠળ હાલમાં વિદેશી બેંકોમાં ગેરકાયદે નાણાં ધરાવનાર ત્રણ લોકોના નામ કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટ સમક્ષ આપી દીધા હતા જેથી રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે. સરકારે ત્રણ સ્વીસ બેંક ખાતાધારકોના નામ જાહેર કરી દીધા છે જેમાં ડાબર ઈન્ડિયા લીમીટેડના ભૂતપૂર્વ ડિરેક્ટર પ્રદીપ બર્મન, રાજકોટ સ્થિત શ્રીજી ટ્રેડીંગ કંપનીના પ્રમોટર પંકજ ચીમનલાલ લોઢીયા અને ગોવા સ્થિત ખાણ કંપનીના રાધા સતીષ ટીમલોનો સમાવેશ થાય છે. આ ત્રણેય નામ સુપ્રીમ કોર્ટમાં સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી એફીડેવીટમાં આપી દીધા છે. આ યાદીમાં કોઈપણ રાજકીય નેતાના નામ સામેલ નથી. કાળા નાણાંના મુદ્દે છેલ્લા ઘણા દિવસથી ખાતેદારના નામ જાહેર કરવાથી ઈન્કાર કરનાર કેન્દ્ર સરકાર ઉપર દબાણ વધતાં હવે ત્રણ નામ જાહેર કરાયા છે.

સરકારે એમપણ કહ્યું છે કે, કોઈના પણ નામ ગુપ્ત રાખવાનો તેનો કોઈપણ ઈરાદો નથી. સરકારે એફીડેવીટમાં કહ્યું છે કે, વિદેશી બેંકોમાં ગેરકાયદે ખાતા ધરાવનાર ભારતીય લોકોના વિદેશી બેંકો પાસેથી ખાતા અંગે જે માહિતી મળી છે તે જાહેર કરાશે. સરકારે એમપણ કહ્યું છે કે, ૧૩૮ લોકોની તેની પાસે યાદી રહેલી છે પરંતુ તમામ નામ જાહેર કરી શકાય તેમ નથી. જ્યાં સુધી અદાલતમાં તેમની સામે ખટલો ચલાવાશે નહીં ત્યાં સુધી નામ જાહેર કરી શકાશે નહીં. હાલમાં ત્રણ નામ



જાહેર કરાયા છે. ઈન્કમટેક્સ એક્ટ અને મની લોન્ડ્રીંગ એક્ટ હેઠળ ચાલી રહેલી તપાસને લઈને ગતિવિધિ હવે એકાએક વધી ગઈ છે. રાજકોટના બુલિયન ટ્રેડર્સનું નામ આવતા ખળભળાટ મચી ગયો છે. તાજેતરમાં યોજાયેલી ચુંટણીમાં કાળા નાણાંના મુદ્દે જોરદાર સ્પર્ધા થઈ હતી. ભાજપે અને ખાસ કરીને નરેન્દ્ર મોદીએ ચુંટણી પ્રચાર દરમિયાન કાળા નાણાંને પરત લાવવાની વાત કરી હતી. સત્તા સંભાળી લીધા બાદ મોદી સરકારે આ સંદર્ભમાં એક ખાસ એસઆઈટીની રચના કરી હતી. સુત્રોનું કહેવું છે કે વિદેશી બેંકોમાં ખાતાધારકોમાં જે નેતાઓના નામ છે તે મામલાઓમાં પુરાવા એકત્રિત કરવામાં આવી રહ્યા છે. આ સંદર્ભમાં નક્કર તપાસ બાદ જ કોર્ટ સમક્ષ એવા નામનો પણ ખુલાસો કરવામાં આવી શકે છે. હજુ સુધી ત્રણ નામ સપાટી પર આવ્યા છે. તેમને આ બાબત સાબિત કરવી પડશે કે વિદેશી બેંકોમાં તેમના જે નાણાં છે તે કાળા નાણાં નથી. આ સમગ્ર મામલામાં આરબીઆઈની માર્ગદર્શીકાને પાળવામાં આવી નથી. સુપ્રીમ કોર્ટ સમક્ષ કેન્દ્ર સરકાર તરફથી ધારદાર દલીલો કરવામાં આવી હતી. સરકાર તરફથી જણાવાયું છે કે, ભારતીયો દ્વારા જાળવી રાખવામાં આવેલા દરેક વિદેશી ખાતા ગેરકાયદે નથી. આ ઉપરાંત જેની સામે શંકા છે તેમના નામ પણ જાહેર કરવાની બાબત ચકાસણી હેઠળ છે. સરકારે કોર્ટને એમપણ કહ્યું હતું કે, સ્વિત્ઝરલેન્ડે એવા કેસોમાં કાળા નાણાં અંગે માહિતી ઉપલબ્ધ કરાવવાનો સંકેત આપ્યો છે જેમાં આઈટી વિભાગ દ્વારા તપાસ ચાલી રહી છે. ચીફ જસ્ટીસ એચએલ દત્તુના નેતૃત્વમાં સુપ્રીમ કોર્ટની બેંચે અગાઉ એફીડેવીટ રજુ કરવાની પરવાનગી આપી હતી. એટર્ની જનરલ મુકુલ રોહતાગીએ આજે સવારે કોર્ટ સમક્ષ આ મામલો રજુ કર્યો હતો.

---

**ઈન્કમટેક્સ સમક્ષ તમામ માહિતી અપાયેલી છે**

## કોઈ સ્વીસ ખાતા નથી : પંકજ ચીમનલાલે પ્રતિક્રિયા આપી

નવી દિલ્હી, તા. ૨૭

એક મહત્વપૂર્ણ ઘટસ્ફોટમાં કેન્દ્ર સરકારે ત્રણ લોકોના નામ જાહેર કરી દેવાયા હતા. સરકારે એફીડેવીટ રજુ કરીને એવા ત્રણ લોકોના નામ આપ્યા છે જે લોકોએ વિદેશી બેંકોમાં ગેરકાયદેસર નાણા મુકી રાખ્યા છે. સરકારે આ ત્રણ નામ આપ્યા બાદ આ અંગે પ્રતિક્રિયા કરતાં ડાબરના પ્રવક્તાએ નિવેદનમાં કહ્યું હતું કે, પ્રદીપ બર્મને કાયદાકીય રીતે ખાતું ખોલાવ્યું હતું. એ વખતે તેઓ એનઆરઆઈ તરીકે હતા. તેઓએ ખાતું ખોલાવતીવેળા તમામ નિયમોને પાળ્યા હતા. પ્રવક્તાએ એમપણ કહ્યું હતું કે, તમામ કાયદાઓ અનુસરવામાં આવ્યા હતા. ખાતાના સંદર્ભમાં તમામ વિગતો પુરી પડાઈ હતી. ઈન્કમટેક્સ વિભાગ સમક્ષ પણ માહિતી અપાઈ હતી. યોગ્ય ટેક્સની ચુકવણી કરાઈ હતી. પ્રવક્તાનું કહેવું છે કે, આ ખૂબ જ કમનસીબ બાબત છે કે, વિદેશી બેંક



ખાતા ધરાવનાર દરેકને એક જ રીતે ગણવામાં આવે છે. પ્રદીપ બર્મન હાલમાં એફએમસીજીની મહાકાય કંપનીમાં કોઈ હોદ્દો ધરાવતા નથી. અલબત્ત તેઓ એક વખતે ડાબર ઈન્ડિયાના ઓલટાઈમ ડિરેક્ટર તરીકે હતા. બીજીબાજુ બુલિયન ટ્રેડર પંકજ ચીમનલાલ લોઢિયાએ સ્વીસ બેંક ખાતું હોવાનું ઈન્કાર કર્યો છે. તેમણે કહ્યું છે કે, અમે ઈન્કમટેક્સમાં પહેલાથી જ જાહેરાત કરી દીધી છે. અમારું સ્વીસમાં કોઈ ખાતું નથી. તેમણે એમપણ કહ્યું છે કે આ યાદીમાં તેમનું નામ કઈ રીતે આવ્યું છે તે અંગે તેમની પાસે કોઈ જ માહિતી નથી. છેલ્લા ૧૫ વર્ષથી અમે કારોબાર કરી રહ્યા છીએ. સમગ્ર ભારતમાં અમારો કારોબાર છે. તેમણે કહ્યું છે કે, આશરે દોઢ વર્ષ પહેલા ઈન્કમટેક્સના દરોડા પડ્યા બાદ ઈન્કમટેક્સ વિભાગ સમક્ષ તેમના કારોબારની તેઓ વિગત આપી ચુક્યા છે. આ જુનો મામલો છે. ઈન્કમટેક્સ સમક્ષ તેઓ જવાબ આપી ચુક્યા છે. બીજીબાજુ ગોવા માઈનિંગના સમ્રાટ રાધા એસ ટિમ્બલોનું કહેવું છે કે, તેમને સરકારની એફીડેવીટમાં વધુ તપાસની જરૂર છે.

---

## પસંદગીના નામો જાહેર ન કરવા કોંગ્રેસનું સૂચન

નવી દિલ્હી, તા. ૨૭

કાળા નાણાં ધરાવનાર ત્રણ લોકોના નામ સુપ્રીમ કોર્ટમાં એફીડેવીટ રજુ કરીને કેન્દ્ર સરકારે જાહેર કર્યા બાદ આ અંગે પ્રતિક્રિયા આપતા કોંગ્રેસના વરીષ્ઠ નેતા અને ભૂતપૂર્વ વિદેશ મંત્રી સલમાન ખુર્શીદે કહ્યું હતું કે, પસંદગીના નામ જાહેર કરવાના બદલે એકંદરે તમામના નામ જાહેર કરવાની જરૂર છે. ખુર્શીદે કહ્યું હતું કે, નામ જાહેર કરવાને લઈને અમને કોઈપણ વાંધો નથી. પરંતુ આ નામ પસંદગીના હોવા જોઈએ નહીં. ખુર્શીદે એમપણ કહ્યું હતું કે સરકારે કાયદાકીય રીતે આગળ વધવું જોઈએ. એવી જ બાબતો હાથ ધરવી જોઈએ જે બાબતો કાયદા હેઠળ આવે છે.

તેમણે કહ્યું હતું કે, કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટ સમક્ષ એફીડેવીટ દાખલ કરીને ત્રણ લોકોના નામ આપ્યા છે. જેમાં ગોવા સ્થિત માઈનિંગ રાધા એસ ટીમ્બ્લો, બુલિયન કારોબારી પંકજ ચીમનલાલ અને અન્ય એક બિઝનેસમેનનો સમાવેશ થાય છે. કોંગ્રેસે ખૂબ જ આકરી પ્રતિક્રિયા આપી છે. કેન્દ્ર સરકારનું કહેવું છે કે, તે કોઈપણ બાબત છુપાવવા તૈયાર નથી. કાળા નાણાંને લઈને કોંગ્રેસ દ્વારા પણ આક્રમક વલણ અપનાવવામાં આવ્યું છે. કોંગ્રેસના વરીષ્ઠ નેતા દિગ્વિજયસિંહે વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહનભાગવતને ભારતીયોની સમગ્ર યાદી જાહેર કરવા ખુલ્લો પડકાર ફેંક્યો છે. વિદેશમાં કાળા નાણાં ધરાવનાર લોકોના નામ જાહેર કરવાની જરૂર છે.

કોંગ્રેસના નેતાનું કહેવું છે કે, ગેરકાયદે નાણાંના મુદ્દે ભાજપ દ્વારા પસંદગીનું વલણ અપનાવવામાં આવી રહ્યું છે. ભાજપના નેતાઓના નામ પણ રહેલા છે. એનડીએ સરકાર દ્વારા અગાઉ જણાવાયું હતું કે, ડબલ ટેક્સેસન એવોઈડેન્સ ટ્રીટી હોવાના કારણે કેટલીક બાબતો ગુપ્ત રહેલી છે જેથી વિદેશી બેંકોમાં કાળા નાણાં ધરાવનારના નામ જાહેર કરી શકાય નહીં.

---

**૧૯થી ૨૭ પ્રધાનો શપથ લે તેવી શક્યતા**

## મહારાષ્ટ્રમાં ૩૧મીએ નવા મુખ્યમંત્રી શપથ ગ્રહણ કરશે

**વાનખેડેમાં ૬૦ હજાર લોકો બેસી શકે છે : નરેન્દ્ર મોદી, અડવાણી, મુરલી મનોહર જોશી ખાસ ઉપસ્થિત રહેશે**

મુંબઈ,તા. ૨૭

મહારાષ્ટ્રમાં ભાજપ સરકાર ૩૧મી ઓક્ટોબરે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે શપથ લે તેવી શક્યતા છે. વાનખેડે ખાતે આની તૈયારી શરૂ થઈ ચુકી છે. રાજ્યના રાજ્યપાલ સી વિદ્યાસાગર રાવ તમામને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવશે. મુખ્યમંત્રીની સાથે ૧૯થી ૨૭ જેટલા પ્રધાનો શપથ લે તેવી શક્યતા છે. ભાજપના પ્રવક્તા અતુલ શાહે માહિતી આપતા જણાવ્યું છે કે, નવા મુખ્યમંત્રી વાનખેડે સ્ટેડિયમ ખાતે ૩૧મીએ સાંજે ચાર વાગ્યે શપથ લેશે. ભાજપના શહેર એકમના વડા આશિષ સેલારે પક્ષના અન્ય નેતાઓ સાથે બેઠક યોજી હતી. વાનખેડે સ્ટેડિયમની ક્ષમતા ૬૦ હજાર જેટલી છે. વડાપ્રધાન મોદી, તેમના કેબિનેટના સાથીઓ, પક્ષના વરીષ્ઠ નેતા અડવાણી, મુરલી મનોહર જોષી, ઔદ્યોગિક અને બિઝનેસ ગૃહોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. ભાજપ વિધાનસભા પક્ષની આવતીકાલે બેઠક મળનાર છે જેમાં નવા નેતાની પસંદગી કરવામાં આવનાર છે. કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી અને દેવેન્દ્ર ફડનવીસ પ્રબળ દાવેદાર છે. ઉત્તર મહારાષ્ટ્રના ઓબીસી નેતા એકનાથ ખડસે પણ દાવેદાર છે. ભાજપ આવતીકાલે જ સરકારની રચના કરવા દાવો કરે તેવી શક્યતા છે. ૨૫મી સપ્ટેમ્બરના દિવસે નેશનલ કોંગ્રેસ પાર્ટીએ કોંગ્રેસ સરકારનો ટેકો પાછો ખેંચી લીધો હતો. જેના પરિણામ સ્વરૂપે રાષ્ટ્રપતિ શાસન લાદવાનો નિર્ણય કરાયો હતો. રાજ્યપાલ ભાજપ દ્વારા સુપ્રત કરવામાં આવનાર ધારાસભ્યોની યાદીની ચકાસણી કરશે ત્યારબાદ રાષ્ટ્રપતિ શાસનને ઉઠાવી લેવાની ભલામણ કરીને કેન્દ્રને તેનો અહેવાલ મોકલશે.

---

**મહારાષ્ટ્રને લઈ એનસીપી સાવધાન**

## ભાજપ વિશ્વાસમત લેશે તો એનસીપી ગેરહાજર

મુંબઈ,તા. ૨૭

મહારાષ્ટ્રમાં સરકારની રચના કરવાની કવાયત ચાલી રહી છે ત્યારે એનસીપીએ હવે જાહેરાત કરી છે કે જો ભાજપના નેતૃત્વમાં લઘુમતિ સરકાર વિશ્વાસ મત લેશે તો તે ગેરહાજર રહેશે.

ગૃહમાં હાજર નહી રહેવાની એનસીપીએ વાત કરી છે. એનસીપીના પ્રવકતા નવાબ મલિકે કહ્યું છે કે જો શિવ સેના સરકારમાં સામેલ થશે તો પણ અમને કોઈ તકલીફ નથી. અમે સરકારનો હિસ્સો બનવા જઈ રહ્યા નથી. પરંતુ લઘુમતિ સરકાર સામે મતદાન કરીને અસ્થિરતા ઉભી કરવા ઈચ્છુક નથી. જેથી એનસીપી વોટિંગ વેળા ગેરહાજર રહેશે. મલિકે કહ્યું હતું કે એનસીપી લોકોના મતને સમર્થન આપશે. ભાજપ મહારાષ્ટ્રમાં યોજાયેલી ચૂંટણીમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરીને બહાર આવતા ચિત્ર હવે બદલાઈ ગયું છે. નાના પક્ષોના પાંચ ધારાસભ્યો અને સાત અપક્ષ સભ્યો પહેલાથી જ ફ્લોર ટેસ્ટ દરમિયાન ભાજપ સરકારને મદદ કરવાની વાત કરી ચુક્યા છે. જેથી તેન કુલ સંખ્યાબળ વધીને ૧૩૪ થઈ ગયું છે. ૨૮૮ સભ્યોની વિધાનસભામાં તે બહુમતિના આંકડાથી હજુ ૧૦ સભ્યો પાછળ છે. એક નોમિનેટેડ સભ્ય પણ છે. જેથી કુલ સંખ્યા ૨૮૯ થઈ ગઈ છે.

---

## બજેટ પૂર્વેની બેઠકનો દોર ત્રીજી નવેમ્બરથી શરૂ થશે

નવી દિલ્હી,તા. ૨૭

નાણાં પ્રધાન અરૂણ જેટલી તેમની પ્રથમ બજેટ પૂર્વેની બેઠકનો દોર હવે ત્રીજી નવેમ્બરથી શરૂ કરવા જઈ રહ્યા છે. આ બેઠકોનો દોર શરૂ થયા બાદ જુદા જુદા વિભાગોની રજૂઆત સાંભળવામાં આવનાર છે. નાણાં મંત્રાલયમાં ખર્ચ સચિવ સૌથી પહેલા બજેટ અંદાજ નક્કી કરવા માટે ત્રીજી નવેમ્બરથી જુદા જુદા વિભાગો અને અન્ય મંત્રાલય સાથે વાતચીત શરૂ કરશે. ત્યારબાદ નાણાં પ્રધાન અરૂણ જેટલી વધુ ચર્ચા હાથ ધરનાર છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર મે મહિનામાં સત્તામાં આવી હતી. જેથી અરૂણ જેટલી આગામી વર્ષે ફેબ્રુઆરીમાં તેમનુ સંપૂર્ણ બજેટ રજૂ કરવા જઈ રહ્યા છે. હવે શરૂ થનાર બેઠકોમાં વર્ષ ૨૦૧૪-૧૫ માટેના સુધારેલા અંદાજ અને યોજના અને બિન યોજનાખર્ચ માટે વર્ષ ૨૦૧૪-૧૫ માટે બજેટ અંદાજને આખરી ઓપ આપવામાં આવનાર છે. આ બેઠકોને ખુબ ઉપયોગી ગણવામાં આવે છે. આ બેઠકમાં જુદા જુદા કાર્યક્રમ અને સ્કીમના છેલ્લા સમયથી દેખાવ અને અન્ય બાબતોને પણ ધ્યાનમાં લેવામાં આવનાર છે. અંદાજિત અતવા તો ટાર્ગેટ સામે સ્થિતી શુ રહી તેના પર પણ ચર્ચા કરવામાં આવનાર છે. વિભાગો અને મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ દરમિયાન અંદાજિત પરિણામની વિગત પણ આપવી પડશે. સાથે સાથે તેમને જે જરૂરી સંશાધનોની જરૂર છે તેની વિગત પણ આપવામાં આવનાર છે. ઓફિસ નોટીસમાં જણાવવામાં આવ્યું છે કે સેક્રેટરી ખર્ચ જુદા કાર્યક્રમ અને સ્કીમની સમીક્ષા પણ કરનાર છે. પોલીસીમાં ફેરફારના કારણે આવનાર કોઈ પણ નવા ખર્ચ પર પણ ચર્ચા કરવામાં આવનાર છે. જુદી જુદી સ્કીમોના અમલીકરણ માટે ઉપલબ્ધ ફંડની વિગતો પણ તૈયાર કરવામાં આવનાર છે. મોદી સરકારના સંપૂર્ણ પ્રથમ બજેટને લઈને દેશના લોકો પણ નવી આશા ધરાવે છે. કારણ કે મોદી સરકારે હાલમાં નવા વચનો પણ આપ્યા છે.

---

## શાહી ઈમામ પર હુમલો કરનાર શખ્સની ધરપકડ

નવી દિલ્હી,તા. ૨૭

શાહી ઈમામ ઉપર ૩૪ વર્ષીય એક શખ્સે કેરોસીન નાંખીને તેમને સળગાવી દેવાનો પ્રયાસ કર્યા બાદ ભારે ખળભળાટ મચી ગયો હતો. શાહી ઈમામ સૈયદ અહમદ બુખારી ઉપર હુમલો કરાયો હતો જેના લીધે જામા મસ્જિદ ખાતેની સાંજની નમાજ આડે અડચણો ઉભી થઈ હતી. જોકે, ઈમામના રક્ષકોએ હુમલાખોરને પકડી પાડ્યો હતો અને પોલીસને સોંપી દીધો હતો. હુમલાખોરની ઓળખ કમાલુદ્દીન ઉર્ફે કમલ તરીકે થઈ છે જે પશ્ચિમ બંગાળમાં સાઉદ ૨૪ પરગનાનો નિવાસી છે. કલમ-૩૦૭ હેઠળ એફઆઈઆર દાખલ કરવામાં આવી ચુકી છે. સ્થાનિક પોલીસ સમક્ષ આ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. ઈન્ટેલીજન્સ બ્યુરોના અધિકારીઓની સંયુક્ત ટીમ અને સ્થાનિક પોલીસ દ્વારા આરોપીની પૂછપરછ કરી રહી છે. આ હુમલા પાછળના હેતુ શું છે તે જાણી શકાયું નથી. તેના સાથીઓની પણ શોધખોળ ચાલી રહી છે. બુખારી ઉપર કેરોસીનની બોટલ સાથે હુમલો કરાયો હતો. આ બનાવ એ વખતે બન્યો હતો જ્યારે નમાજ અદા કરવા મસ્જિદમાં સેંકડો લોકો એકત્રિત થઈ રહ્યા હતા. આરોપીએ તેમને મળવાનો પ્રયાસ કર્યો હતો તે જ વખતે હુમલો કરાયો હતો.

---

## હવે બિહારની જેલમાંથી મોબાઈલ, ચાર્જર કબજે

સીતામઢી,તા. ૨૭

બિહારના સીતામડી જિલ્લામાં ડિવીઝનલ જેલના પ્રાંગણમાંથી ૧૪ મોબાઈલ ફોન, ચાર્જર અને રોકડ રકમ કબજે કરવામાં આવતા ભારે સનસનાટી મચી ગઈ છે. પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે બાતમી મળ્યા બાદ ડિવીઝનલ જેલના પ્રાંગણમાં દરોડા પાડવામાં આવ્યા હતા. જે દરમિયાન મોબાઈલનો જથ્થો મળી આવ્યો હતો. ૧૬ ચાર્જર અને ૧૬૨૨૦ રૂપિયાની રોકડ રકમ પણ મળી આવી હતી. ઉપરાંત જેલના સેલમાંથી વિદેશી શરાબની બોટલ પણ મળી આવી હતી. કેદીઓને આ પ્રકારની વસ્તુઓ પહોંચાડવામાં તેમની ભૂમિકા બદલ જેલના અધિકારીઓ સામે પગલા લેવા જિલ્લા વહીવટીતંત્રને એક આદેશ મોકલી દેવામાં આવ્યો છે. આ બનાવને લઈને પોલીસ બેડામાં ભારે ચર્ચા રહી હતી. દરોડા દરમિયાન અન્ય કોઈ વાંધાજનક વસ્તુઓ મળી છે કે કેમ તે અંગે માહિતી મળી શકી નથી.

---

## સત્યમ કેસમાં ચુકાદાની તારીખ ૩૦મીએ જાહેર થાય તેવી વકી

હૈદરાબાદ,તા. ૨૭

સમગ્ર દેશને હચમચાવી મુકનાર સત્યમ કોમ્પ્યુટર સર્વિસ લિમિટેડમાં કરોડો રૂપિયાના એકાઉન્ટિંગ ફ્રોડ કેસમાં સુનાવણી કરી રહેલી હૈદરાબાદની ખાસ અદાલત ૩૦મી ઓક્ટોબરના દિવસે ચુકાદા માટેની તારીખ જાહેર કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. ખાસ સીબીઆઈ પબ્લિક પ્રોસિક્યુટર કે. સુરેન્દરે કહ્યું છે કે આ તારીખે તેમની સમક્ષ ઉપસ્થિત થવા માટે તમામ આરોપીઓને કોર્ટે આદેશ આપ્યો છે. આ કેસમાં જે દસ આરોપીઓ છે તેમાં સત્યમ કોમ્પ્યુટરના સ્થાપક અને પૂર્વ ચેરમેન બી. રામાલિંગા રાજુ, તેમના ભાઈ અને સત્યમના પૂર્વ એમડી બી. રામા રાજુ, પૂર્વ સીએફઓ વદલામમી શ્રીનિવાસ, પૂર્વ પીડબલ્યુસી ઓડિટર સુબ્રમાણી ગોપાલકૃષ્ણન અને ટી. શ્રીનિવાસ, રાજુના અન્ય ભાઈ બી. સુર્યનારાયણ રાજુ, પૂર્વ કર્મચારી જી. રામકૃષ્ણા, ડી. વેકંટપતિ રાજુ, શ્રીસાંઈલામ અને પૂર્વ ઈન્ટરનલ ચીફ ઓડિટર વીએસ પ્રભાકર ગુપ્તાનો સમાવેશ થાય છે. સત્યમ ફ્રોડ કેસમાં ટ્રાયલ જુન મહિનામાં પૂર્ણ કરી લેવામાં આવી હતી. ખાસ કોર્ટ સમક્ષ ટ્રાયલ પૂર્ણ કરાઈ હતી. ખાસ કોર્ટ દ્વારા ૨૧૬ સીક્ષીઓની ચકાસણી કરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન ૩૦૩૮ દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી હતી. દેશના સૌથી મોટા એકાઉન્ટિંગ કોંભાંડ તરીકે આને ગણવામાં આવે છે. સાતમી જાન્યુઆરી ૨૦૦૯ના દિવસે આ મામલો સપાટી પર આવ્યો હતો. એ વખતે રાજુએ તેમની કંપનીના એકાઉન્ટિંગ બુકમાં ગેરરિતી હોવાની કબુલાત કરી હતી. બે દિવસ બાદ તેમના ભાઈની સાથે આંધ્રપ્રદેશ પોલીસના ક્રાઈમ ઈન્વેસ્ટીગેશન વિભાગ દ્વારા રાજુની ધરપકડ કરી લેવામાં આવી હતી. આ વર્ષે ફેબ્રુઆરીમાં સીબીઆઈએ તપાસ તેના હાથમાં લીધી હતી. ત્યારબાદ સાતમી એપ્રિલ ૨૦૦૯ના દિવસે , ૨૪મી નવેમ્બર ૨૦૦૯ના દિવસે અને જાન્યુઆરી ૨૦૧૦માં ત્રણ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ત્યારબાદ તમામ ત્રણેયને સાથે જોડી દેવામાં આવી હતી. રાજુ અને અન્યો પર છેતરપિંડી, ફોજદારી કાવતરા, ફોર્જેરી અને વિશ્વાસભંગના આરોપો મુકવામાં આવ્યા હતા. ટ્રાયલ દરમિયાન સીબીઆઈએ એવો આક્ષેપ કર્યો હતો કે કોંભાંડના લીધે સત્યમને ૧૪૦૦૦ કરોડનુ નુકસાન થયું હતુ.

---

## ડોન દાઉદ ચિંતાતુર : હાલમાં જગ્યા બદલી હોવાના હેવાલ

**હવે દાઉદ પાકિસ્તાન-અફઘાનિસ્તાનની સરહદ પર કોઇ ગુપ્ત જગ્યાએ જતો રહ્યો હોવાના ગુપ્તચર અહેવાલો મળ્યા**

નવી દિલ્હી,તા. ૨૭

અમેરિકા અને ભારતની સુરક્ષા સંસ્થાઓના સતત ચાલી રહેલા સંયુક્ત પ્રયાસોના પરિણામસ્વરૂપે ડોન દાઉદની ઉંઘ હરામ થઈ ગઈ હોવાના અહેવાલ મળ્યા છે. દાઉદે તેની જગ્યા હાલમાં બદલી નાંખી હોવાના અહેવાલ મળ્યા છે. તે હવે પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદ પર કોઈ ગુપ્ત જગ્યાએ હોવાના સંકેત છે. ભારત અને અમેરિકા વધારે નજીક આવી રહ્યા છે. દેશની સુરક્ષા સંસ્થામાં ડી કંપનીની ગતિ વિધી પર બાજ નજર રાખનાર ઉચ્ચસ્તરીય સુત્રોએ કહ્યું હતું કે પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ દ્વારા દાઉદને કરાચીમાં અતિ સુરક્ષા વ્યવસ્થા ધરાવતા વિસ્તારમાંથી ખસેડીને હવે ગુપ્ત જગ્યાએ શિફ્ટ કર્યો છે. ભારતીય સુરક્ષા સંસ્થાઓ દાઉદ અને તેના સાથીઓની હિલચાલ પર ચાંપતી નજર રાખી રહી છે. તમામ માહિતી મળી રહી છે. સુત્રોએ કહ્યું છે કે દાઉદ હવે સંપૂર્ણપણે અંડરગ્રાઉન્ડ થઈ ગયો છે. તેને છેલ્લા કેટલાક દિવસથી જોઈ શકાયો નથી. તે પોતાના નજીકના



લોકો સાથે પણ વાત કરી રહ્યો નથી. સુત્રોએ કહ્યું છે કે ભારત અને અમેરિકા ત્રાસવાદનો કાતમો બોલાવવા માટે સમજુતી કરી ચુક્યા છે. જેથી આઈએસઆઈની ચિંતા વધી ગઈ છે. આ સમજુતીમાં ડી કંપનીના નેટવર્કનો ખાતમો બોલાવી દેવાની વાત પણ સામેલ છે. આ મહિનામાં જ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોવાલ અને અમેરિકી વિદેશ મંત્રાલયના અધિકારીઓ વચ્ચે વાતચીત થયા બાદ આ મુદ્દા પર બન્ને દેશો સહમત થયા હતા. સુત્રોએ કહ્યું છે કે દાઉદના મુદ્દા પર સહકાર કરવા માટે પણ બન્ને દેશો તૈયાર છે. દાઉદના મુદ્દે સહકારથી ત્રાસવાદ સામે લડાઈમાં સાથે આગળ વધવા બન્ને દેશોની કસૌટી પણ થશે. અમેરિકા ડી કંપનીના ઉંડિગના તમામ રસ્તા બંધ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી રહ્યું છે.વર્ષ ૧૯૯૨માં મુંબઈમાં થયેલા બ્લાસ્ટમાં માસ્ટર માઈન્ડ તરીકે ડોન દાઉદ રહ્યો હતો. હવે દાઉદનો કારોબાર મુખ્ય રીતે સંયુક્ત અરબ અમિરાત અને પાકિસ્તાન જેવા કેટલાક દેશોમાં ચાલી રહ્યો છે. નાર્કોટિક્સની દાણચોરી મારફતે જે નાણાં મળી રહ્યા છે તેનો ઉપયોગ ત્રાસવાદની ગતિવિધીને વધારવા માટે કરવામાં આવી રહ્યો છે.

---

## સમાચાર ઝલક

- મુંબઈની જુની જાણીતી હરકિશન હોસ્પિટલ હવે રિલાયન્સ ફાઉન્ડેશન સંચાલિત બની. જે વિશ્વના શ્રેષ્ઠ સાધનોથી સજ્જ હશે.
- મહારાષ્ટ્રના વિધાનસભાના નાંદેડના ભાજપી ધારાસભ્યનું નિધન.
- બિહારમાં શ્રદ્ધાપૂર્વક ઉજવાશે છઠનું પર્વ.
- અમેરિકામાં જવાળામુખી ફાટતા અફડાતફડી.
- વડોદરાના મ્યુઝિયમમાંથી તલવાર તથા બંદુકની શંકાસ્પદ ચોરી.
- રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ તુલસી ગ્રંથનું વિમોચન કર્યું.
- દેશના મોટા રેલવે સ્ટેશનોમાં વાઈ-ફાઈની સુવિધા ઉભી કરાશે.
- દિવાળી તહેવારોમાં ચોટીલા અને ઉનાવા (મીરાંદાતાર)માં બાળકોની ઉઠાંતરી. લોકોમાં ઉગ્ર રોષ. અઠવાડિયામાં ગુજરાતમાં ૩ બનાવ.
- સ્ટેચ્યુ ઓફ યુનિટીના કામની તા.૩૧મી ઓક્ટોબર સરદાર જયંતિથી કામની શરૂઆત કરાશે.
- ‘વર્ધમાન ઓપરેશન’ની તૈયારી સાથે ત્રાટકતું કેન્દ્રીય ગૃહ વિભાગ.
- સાપુતારામાં સહેલાણીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા. મોબાઈલ સેવા તથા એટીએમ બંધ.
- લંડનમાં પાકિસ્તાનના બિલાવલ ભુટ્ટો પર ટામેટા, જુતા, પથ્થરનો પ્રજાએ વરસાદ વરસાવ્યો.